

## મોડાસાની વિવેકાનંદ સોસાયટીના ભુલકાઓએ ગબ્બરની પ્રતિકૃતિ બનાવી

નવરાત્રી એટલે આદ્યશક્તિ મા જગદંબાની આરાધના કરવાનો દિવસ. માતાજીના આ નવલા નોરતામાં ભક્તિ, શક્તિ અને આરાધનાના મહાપર્વના નવ દિવસ લગલગાટ ઉપવાસ વ્રત સાથે માતાજીના પૂજા પાઠ યજ્ઞ અને હવન તથા મહાશક્તિ મા અંબાની અનુષ્ઠાનો સુવર્ણ સમય. મા જગતજનની જ્યાં બિરાજે છે એવા અંબાજીના ગબ્બરનું ભક્તોમાં અનેરૂ મહત્વ છે. મા જગદંબાના દર્શનાર્થે અંબાજી જતા માઈભક્તો ગબ્બરની પરિક્રમા કરી ધન્યતા અનુભવે છે. મોડાસાની વિવેકાનંદ સોસાયટીના નવરાત્રી ગ્રાઉન્ડમાં સોસાયટીના ભુલકાઓ દ્વારા ઈકો ફ્રેન્ડલી ગબ્બરની પ્રતિકૃતિ બનાવી મા જગદંબાની મૂર્તિના સ્થાપના કરી નવલા નોરતામાં ગબ્બરમાં બિરાજેલ મા અંબાની આરાધના કરવામાં આવી રહી છે. વિવેકાનંદ સોસાયટીના ભુલકાઓ દ્વારા બનાવેલી ગબ્બરની પ્રતિકૃતિના દર્શન કરવા શહેરના માઈભક્તો ઉમટી પડે છે.

# કાંકરેજ તાલુકાના જાલમોર ગામના પુજારીને જાનથી મારી નાખવાનો પ્રયાસ

### દોઢ વર્ષ અગાઉની ફરીયાદનું સમાધાન ન થતા આરોપીએ ભાલા વડે હુમલો કર્યો

શિહોરી, તા. ૧૯

કાંકરેજ તાલુકાના જાલમોર ગામ ખાતે શીવશક્તિના મંદિરે પુજા કરતા પુજારીને તેના જ ગામના વ્યક્તિ ઉપર દોઢ વર્ષ અગાઉ મારા મારીની ફરિયાદ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. જેનું સમાધાન ન કરતા આરોપીએ જાનથી મારી નાખવાના ઈરાદે પુંજારી ઉપર ભાલા વડે હુમલો કર્યો હતો. ગામના લોકોએ વચ્ચે પડીને પુંજારીને છોડાવ્યો હતો. આરોપી જતા જતા જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો ગયો. પોલીસે આરોપીને જેલના હવાલે કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર જાલમોર ગામે રહેતા અને શીવશક્તિ માના મંદિરે પુજા કરતાં વિષ્ણુગીરી દેવન્દ્રગીરી બાવા (જાલમોર) વાળા તા. ૧૮-૧૦-૨૦૧૫ના રોજ જાલમોર ગામ ખાતે શેરીયા ઉઘરાવવા નિકળ્યા હતા. તે સમય દરમ્યાન તેના જ ગામનો પ્રજાપતિ જયંતીભાઈ, મોતીભાઈ (રેજાલમોર) વાળો ગામની પ્રાથમિક શાળા પાસે પુંજારીની સામે ભાલો લઈને આવેલ અને કહેવા લાગેલ અગાઉ દોઢ વર્ષ પહેલા મારામારીની ફરિયાદને મારા ઉપર કરી છે. તેનું સમાધાન કરી નાખ નહી તો તેને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપીને ગાળો બોલવા લાગેલ અને પુંજારી ઉપર ભાલા વડે હૂમલો કરેલ. જેમાં પુજારીને ડાબા હાથની કોણી ઉપર અને હથેળીએ ભાલા વડે ઈજાઓ પહોંચાડી હતી. તે સમય દરમ્યાન ગામના વ્યક્તિઓ વચ્ચે પડીને પુંજારીને છોડાવેલ આરોપી જતા જતાં પુંજારીને મારી નાખવાની ધમકીઓ આપતો ગયો હતો. પુજારીને ઈજાઓ થયેલ હોઈ તેમને તાત્કાલિક શિહોરી રેફરલ ખાતે લાવેલ અને આરોપી વિરૂદ્ધ ગુના નંબર ૩૦૮૧/૧૫ આઈપીસી કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો દાખલ કરેલ છે. શિહોરી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને આરોપીને જાલમોર ગામેથી પકડીને જેલના હવાલે કર્યો છે.



ધાનેરાની ઓવર ધ રેઈન્મ્બો પ્લે શાળામાં નાના નાના ભુલકાઓએ નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી અને તેમાં તેમના વાલીઓ પણ જોડાયા હતા અને નવરાત્રીના પર્વે સ્કૂલમાં જાણે જોરદાર નવરાત્રીનો માહોલ જામ્યો હોય તેવો માહોલ જોવા મળ્યો હતો અને તમામ બાળકો અને તેમના વાલીઓ ટ્રેડીશનલ ડ્રેશમાં આવ્યા હતા અને ગરબાની રમઘટ બોલાવી હતી.

# આશાપુરા ગેસ એજન્સીના સંચાલક સામેની ફરિયાદમાં કાચુ કપાયું

મોડાસા, તા. ૧૯

મોડાસા જીઆઈડીસીમાં એચ.પી.સી.એલ. કંપનીના અધિકૃત ગેસ ડિલેવરી પોઈન્ટમાં છ માસ અગાઉ માસ અગાઉ રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં લાલસિંહ ચૌહાણની ગેરહાજરીમાં ૧૫ના રોજ અપાઈ હતી અને તેની સુનાવણી તા. ૨૭-૧૦-૧૫ નિર્ધારીત કરાઈ છે. તો પછી લાલસિંહ ચૌહાણને કલેક્ટર સમક્ષ પોતાની રજુઆત કરતા




### ૬ મહિના બાદ રાજકીય કિન્નાખોરી રાખી ફરિયાદ નોંધાવતા અનેકવિધ ચર્ચા : અરવલ્લી કલેક્ટરે ગેસ એજન્સીના સંચાલકને સાંભળ્યા નહિ

નાગરિક પુરવઠા વિભાગ દ્વારા તપાસના બહાને માલિકની ગેરહાજરીમાં કેટલીક ક્ષતિઓ જણાવી તેમની વિરૂદ્ધ અરવલ્લી જિલ્લા પુરવઠા વિભાગને પોલીસ ફરિયાદ કરવા માટે આદેશ કરતા આ મામલે પોલીસે પણ પોલીસ ફરિયાદ કરવામાં કાચુ કાપી પોતાની માનસિકતા છતી કરી છે. તેમજ ગેસ એજન્સીના સંચાલકને જિલ્લા કલેક્ટરે સાંભવાની કોઈ પરવા કરી નથી.

આ અંગેની વિગત એવી છે કે ભિલોડાના આશાપુરા ગેસ એજન્સીના સંચાલક લાલસિંહ હિંમતસિંહ ચૌહાણ (રહે. મલાસા) રાજકીય રીતે પ્રતિષ્ઠા ધરાવતા તથા સામાજિક અગ્રણી છે. પરંતુ આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને તેમના પરિવારને રાજકીય રીતે બદનામ કરવા કિન્નાખોરી રાખી છ મેનેજર ગિરધરભાઈ પટેલની હાજરીમાં મોડાસાના ગોડાઉનની તપાસ કરવામાં આવી હતી. ત્યાર બાદ સંચાલક અથવા મેનેજરને પુછ્યા સિવાય પુરવઠા વિભાગના અધિકારીએ પોતાની મનસુફી મુજબ કેટલીક ક્ષતિઓ કાઢી હતી. ત્યારબાદ તેનો અહેવાલ જિલ્લા કલેક્ટરને અપાયા બાદ પુરવઠા વિભાગને આશાપુરા ગેસ એજન્સી સામે કાર્યવાહી કરવા આદેશ કર્યો હતો. જે આધારે નાયબ મામલતદાર બાબુભાઈ બી. પટેલ દ્વારા લાલસિંહ ચૌહાણ વિરૂદ્ધ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં આવશ્યક ચીજવસ્તુ ધારા અન્વયે ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે જે તે સમયે ગેરરીતિ જણાઈ ત્યારે તે અંગે ગેસ એજન્સીના સંચાલકને કારણદર્શક નોટીસ ૭-૧૦- અગાઉ તેમની સામે કરાયેલી પોલીસ ફરિયાદમાં રાજકીય કિન્નાખોરી રખાઈ હોવાનું તેમનું કહેવું છે.

એટલું જ નહિ પણ પુરવઠા વિભાગ દ્વારા તા. ૧૮-૫-૨૦૧૧થી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે પરિવહન દર પેટે ગેસ એજન્સીના સંચાલક તેમના ભીલોડાના ગોડાઉનથી મોડાસા સુધી ૫૫ કિ.મી. સુધી રૂ. ૩૦ ગ્રાહક પાસેથી લઈ શકે છે. પરંતુ ગ્રાહકોની સગવડતા અને માનવતા ખાતર તેઓ ગ્રાહક પાસેથી પરિવહન દર લેતા જ નથી.

# રાજેન્દ્ર ચોકડી પાસે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

### ૫૫ હજારના મુદ્દામાલ સાથે બે બુટલેગરોની ધરપકડ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાં રવિવારે યોજાનારી ભારત-સાઉથ આફ્રિકા વચ્ચે યોજોયલી વન-ડે મેચ દરમ્યાન અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલની ધરપકડના પગલે રાજ્યના જિલ્લાઓમાં હાઈવે ઉપર પોલીસ એલર્ટ જાહેર કરતા અરવલ્લી જિલ્લા પોલીસે શામળાજી-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી પાસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રવિવારે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ શામળાજી તરફથી પૂરઝડપે આવી રહેલી ટાટા ઈન્ડીગો માન્જા કારને અટકાવી તલાશ લેતા કારમાંથી ૫૫૨૦૦ રૂ. વિદેશી દારૂ ઝડપી પાડી બે શખ્સોની ધરપકડ કરી મોડાસા રૂરલ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો બાંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર દ્વારા શામળાજી-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલની ધરપકડ થતા પોલીસતંત્ર અગમચેતીના પગલે જિલ્લામાં સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. મોડાસા રૂરલ પોલીસ દ્વારા રાજેન્દ્રનગર ચોકડી નજીક નાઈટ પેટ્રોલીંગમાં હતી ત્યારે



રાજસ્થાન તરફથી પુરઝડપે આવતી ટાટા ઈન્ડીગો માન્જા કારની ઝડપ શંકાસ્પદ જણાતા ઈન્ડીગો માન્જા કાર (ગાડી નં. જીજે૧૮એએચ-૮૦૬૧)ને અટકાવી કારની તલાશી લેતા કારમાંથી છુપાવેલો વિદેશી દારૂની ૮૪ નંગ બોટલો કિંમત રૂ. ૩૩૬૦૦ તથા હાર્વડસ ૫૦૦૦ સ્ટ્રોંગ બિયરના ૫૦૦ મીલના ૨૧૬ નંગ ટીન કિંમત રૂ. ૨૧૬૦૦ તથા મોબાઈલ નંગ-૧ કિંમત રૂ. ૫૦૦ અને વગર પાસ પરમીટે વિદેશી દારૂનો જથ્થાના હેરાફેરીમાં વપરાતી ઈન્ડીગો માન્જા કાર કિંમત રૂ. ૫ લાખ મળી કુલ રૂ. ૫,૫૫,૭૦૦ રૂ.નો મુદ્દામાલ જપ્ત કરી કારચાલક મહેમુદખાન શામીઉલ્લાખાન પઠાણ (રહે. કુબેરનગર, અમદાવાદ) અને બાજુમાં બેઠેલો સંદિપ શ્યામ ગારંગી (રહે. કુબેરનગર (છારાનગર) અમદાવાદને ઝડપી પાડી બન્ને શખ્સો સામે મોડાસા રૂરલ પોલીસે પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રેલ્લાવાડા ગામે વિદેશી દારૂ ઝડપાયો

### ઈસરી પોલીસે બાઈક પર હેરાફેરી થતો ૭૧૦૦નો વિદેશી દારૂ જપ્ત કર્યો

ઈસરી, તા. ૧૯

મેઘરજના રેલ્લાવાડા ગામની સીમમાંથી એકલ-દોકલ બાઈક સવાર અને કાર દ્વારા બુટલેગરો વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ રહેતા હોય છે. ઈસરી પોલીસે રેલ્લાવાડા નજીક આંતરરાજ્ય સરહદ પર રાજસ્થાનથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં રાજસ્થાન તરફથી રાજસ્થાન પાસીંગની બાઈક (ગાડી નં. આરજે-૧૨એસએલ-૬૨૧૬)નો ચાલક બાઈક રેલ્લાવાડા ગામની સીમમાં મુકીને ફરાર થઈ ગયો હતો. ઈસરી પોલીસે બાઈક પર રહેલા થેલામાં તપાસ હાથ ધરતાં થેલામાંથી વિદેશી દારૂની વગર પાસપરમીટની ૧૭ નંગ




બોટલો ૫૧૦૦ રૂ. અને બીયરના ટીન નંગ ૨૦ કિંમત રૂ. ૨૦૦૦ મળી કુલ ૪૭ નંગ બોટલ કિંમત રૂ. ૭૧૦૦ તથા મોટર સાયકલની કિંમત રૂ. ૨૫ હજાર મળી કુલ ૩૨,૧૦૦નાો મુદ્દામાલ ઝડપી પાડી ઈસરી પોલીસે બાઈકચાલક સામે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# શામળાજી આર.ટી.ઓ. પાસે ટ્રકમાં કતલખાને લઈ જવાતા ૪૫ પશુઓ બચાવાયા : ૩ની ધરપકડ

શામળાજી, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં આવેલી રતનપુર ચેકપોસ્ટ આંતરરાજ્ય બુટલેગરોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ગેરકાયદેસર માલ-સામાન ઘુસાડવા માટે સૌથી સલામત ગણાય છે. જિલ્લા પોલીસ બાતમીના આધારે જ સફળ રહેતી હોવાની શક્યતાઓના લીધે બુટલેગરો અને કસાઈઓ દ્વારા બેફામ રતનપુર સરહદનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શામળાજી પોલીસે આરટીઓ ચેકપોસ્ટ રતનપુર નજીકથી રાજસ્થાનમાંથી ગેરકાયદેસર કતલખાને લઈ જવાતા ૪૫ ગાય-વાછરડાને બચાવી લઈ ઈડર પાંજરાપોળમાં મોકલી આપી મધ્યપ્રદેશના ૩ કસાઈઓને જેલના હવાલે ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી છે.

શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઉદાવત અને પોલીસ દવાનો સાથે આરટીઓ ચેકપોસ્ટ ઉપર નાઈટ પેટ્રોલીંગમાં હતા.



દરમ્યાન રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી નં. જીજે-૨૦-યુ-૫૫૧૮) શંકાસ્પદ જણાતા તપાસ અર્થે ઉભી રાખી ટ્રક પર બાંધેલી તાડપત્રી ખોલી જોતા ટ્રકના પાછળના ભાગે ઉપર-નીચે બે પાર્ટેશનમાં ઘાસ અને પાણી તેમજ પગે અને મોઢાના ભાગે રસ્સીથી બાંધેલા મરણતોલ હાલતમાં ૪૫ ગાય-વાછરડા મળી આવ્યા હતા. પોલીસે ટ્રક અને પશુધન સહિત રૂ. ૧૦.૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ પશુધનને ઈડર પાંજરાપોળ મોકલી આપ્યા હતા. ગેરકાયદેસર વગર પાસપરમીટે ટ્રકમાં મુશ્કેલ હાલતમાં બાંધી ગાય-વાછરડાને કતલખાને લઈ જતા મધ્યપ્રદેશના યુસુફખાન હકીમખાન પઠાણ, ઈરફાન મુક્તાર ફઓપીયા, મંજૂર હૈદર ન્યારગા (ત્રણેય રહે. મંદસોર)ને ઝડપી પાડી શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવતે જેલના હવાલે ધકેલી દઈ વધુ તપાસ હાથ ધરી હતી.

### ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ યુવા ઉત્સવમાં યુવકોમાં તક

રાજ્ય સરકાર દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ડૉ. બાબા સાહેબના જીવન મૂલ્યો આજની યુવા પેઢી સુધી પહોંચાડવાના આશયથી અનુસૂચિ જાતિના યુવકો માટે યુવા ઉત્સવનું આયોજન સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જિલ્લા કક્ષાએ હાથ ધરાનાર છે. ભાગ લેવા ઈચ્છુક શાળા-કોલેજો-સંસ્થાઓ (૧૫થી ૩૫ વયજૂથ)ના યુવાનો વિવિધ સત્તર જેટલી ઈવેન્ટોમાં ભાગ લઈ શકશે. આ માટે નિયત નમૂનામાં પ્રવેશ પત્રો ભરી ૨૮-૧૦-૧૫ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીમાં રૂબરૂ-ટપાલથી મોકલી આપવા.



**ખેડબ્રહ્મામાં નવરાત્રીમાં યુવાધન હેલે ચઢ્યુ**

ખેડબ્રહ્મા શહેરમાં નવરાત્રી ધામધૂમથી ઉજવાઈ રહી છે. ત્યારે શહેરમાં ઠેર ઠેર નવરાત્રી થઈ રહી છે. પણ શહેરના અંબિકા માતાજી મંદિરમાં ખેલૈયાઓની ભીડ જામી છે.

# આઈ ખેડૂત પોર્ટલ પર વિવિધ ઘટકોમાં સહાય મેળવવા માટે ઓનલાઈન અરજી કરી શકાશે

મહેસાણા, તા. ૧૯

ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાનો લાભ ઘર આંગણે આસાનીથી મળી રહે તે હેતુસર www.i khedut. gujarat. gov.in.. પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. આ પોર્ટલ મારફતે વર્ષ ૨૦૧૫-૧૬ માટે ખેડૂતોની સહાય અરજી મંગાવવામાં આવી હતી. રાજ્યના ખેડૂતોને ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ મળી રહે તે આશયથી રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૫-૧૬ માટે આઈ-ખેડૂત પોર્ટલ પર પંપ સેટ્સ, સેલ્ફ પ્રોપેલ્ડ રીપર, સબ સોઈલર, ઝીરો ટોલ કમ ફર્ટીલાઈઝર પ્લાન્ટર, રોટરી પાવર હેરો, ચીઝલ પ્લાઉ, સ્ટબલ સેવર, સેલ્ફ પ્રોપેલ્ડ રીપર કમ બાઈન્ડર, રેઈઝ એન્ડ ફ્રો પ્લાન્ટર, રેઈઝ બેડ પ્લાન્ટર અને પાવર સંચાલિત પાક સંરક્ષણ સાધન ઘટકોમાં સહાય મેળવવા તા. ૧૬-૧૦-૨૦૧૫ થી તા. ૩૦-૧૦-૨૦૧૫ સુધીમાં ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવેલ છે. જેમાં અરજી કરીને ખેડૂતો ખેતીવાડીના સાધનોમાં રાજ્ય સરકારની સહાય મેળવી શકશે. તો જિલ્લાના સર્વે ખેડૂતો મિત્રો ખેતીવાડી ખાતાની યોજનાઓનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું છે.



**પ્રાંતિજમાં નવલા નોરતાનો રંગ જામ્યો**

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તથા તાલુકામાં ઠેર ઠેર શક્તિની ઉપાસનાનું પર્વ નવરાત્રી મહોત્સવની ભારે ઉમંગભેર ઉજવણી થઈ રહી છે. ત્યારે છેલ્લા ૪૫ વર્ષથી પ્રાંતિજ સોનીવાડા નાકા ઉપર નવરાત્રી મહોત્સવ યોજાય છે. નવલી નવરાત્રીના છઠ્ઠા દિવસે પ્રાંતિજ બજારચોક સોનીવાડા પાસે પ્રાચીન અર્વાચીન ગરબાના તાલે બાલિકાઓ અને મહિલાઓ પુરૂષો ગરબે ગુમતા નજરે પડ્યા હતા. જ્યારે ટ્રેડીશનલ ડ્રેસની સાથે ગરબામાં આજકાલ હિન્દી ફિલ્મોના ગીતોની ધુન ઉપર ગરબાની રમઝટ પણ જોવા મળે છે.